ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૦/૨૩–૨૪/ 1085 તારીખ : 1 JUL 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી બારૈયા ભાવેશભાઈ શિવાભાઈ,**
**પ્લોટ નં–૧૦૨, ગીતાનગર,**
**એન્જોય પાર્ક પાસે,**
**ગામ–અકવાડા,**
**તા.જી.ભાવનગર**

કેસ નં.૧૦/૨૩–૨૪

**મો.નં–૯૨૨૮૮ ૬૨૫૫૬**

**વિષય : ફર્મ ક્વોટેશનની રકમ પરત કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૦/૦૪/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૦૪/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૩–૨૪/૭૯૫ તા.૨૫/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૩–૨૪/૯૦૪ તા.૧૨/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૯.૦૫.૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

RKU

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ઘોઘા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી બારૈયા ભાવેશભાઈ શીવાભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા. ૨૧/૦૬/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી બારૈયા ભાવેશભાઈ શિવાભાઈ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી** વાય. આર. જાડેજા, **કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી બારૈયા ભાવેશભાઈ શીવાભાઈ, ગામ–અકવાડા, તા.જી.ભાવનગરની ફર્મ કવોટેશનની રકમ પરત કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦/૨૩–૨૪/૭૯૫ તા.૨૫/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૯/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી બારૈયા ભાવેશભાઈ શિવાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી ગેરહાજર રહ્યા હતા, તા. ૨૧/૦૬/૨૦૨૩ ના રોજની સુનાવણીમાં વાદી ને બોલાવવામાં આવેલ નહિ, પ્રતિવાદી તરફે શ્રી વાય. આર. જાડેજા,કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ગ્રાહક નં–૬૦૨૦૪/૧૫૪૩૯/૧ ના કોમર્શિયલ વિજ મીટરના લોડ વધારા માંગેલ પરંતુ, ઘોઘા સબ ડિવિઝન દ્વારા મટીરીયલ શોર્ટેજના કારણે મને મીટર અને સર્વિસ અને ટ્રાન્સફોર્મર બદલ્યા વિના જ મારા વિજ બિલમાં ૩૦ કિ.વો.નો ચાર્જ આપવા બાબત.

૧.૨ મારી ફર્મ કવોટેશનની રકમ પરત મેળવવા માટે કરેલ અરજીને ૪ માસ જેવો સમય વીતી ગયેલ હોવા છતાં, પણ રકમ પરત મળેલ નથી તો વહેલી તકે રકમ રીફંડ કરી આપવા નમ્ર અરજ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદારશ્રી પેટા વિભાગીય કચેરી ઘોઘા ખાતે વિજ જોડાણ ધરાવે છે. જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| Consumer Name | : | Baraiya Bhaveshbhai Shivabhai |
| Address | : | 102, Gitanagar, Near Enjoy Park |
| Consumer No. | : | 60204/15439/1 |
| Connection Date | : | 02.02.2016 |
| Tariff | : | NRGP |
| Contracted Load | : | 1.5 KW |

૨.૨ અરજદારશ્રીની CGRF સમક્ષ તા.૨૦/૦૪/૨૦૨૩ ની ફર્મ કવોટેશનની રકમ પરત આપવા બાબતની રજૂઆત ના અનુસંધાને લોડ વધારાની સ્પષ્ટતા નીચે મુજબ છે.

૨.૩ તા.૦૨/૦૮/૨૦૨૨ ના રોજ ગ્રાહક દ્વારા ગ્રાહક નં–૬૦૨૦૪૧૫૪૩૯૧ માં ૧.૫ કિ.વો.માંથી ૩૦ કિ.વો. એટલે કે, ૨૮.૫ કિ.વો.નો વધારો કરવા માટે ઘોઘા પેટા વિભાગીય કચેરી ખાતે અરજી કરેલ છે.

૨.૪ સદર અરજીના અનુસંધાને ઘોઘા પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી સર્વે કરતા ૬૩ કેવીએ નું નવું ટ્રાન્સફોર્મર તથા ૧૨૦ મીટર નવી એચ.ટી.લાઈન પ્રપોઝ કરવામાં આવેલ. સદર લોડ વધારા માટેનો SR No.152331 71 છે.

૨.૫ તા.૦૪/૦૮/૨૦૨૨ ના રોજ ગ્રાહકને રૂા.૭૯,૭૯૦/– નું GSD/3298 નંબરથી અંદાજપત્ર આપવામાં આવેલ. જે ગ્રાહક દ્વારા તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ રસીદ નં–૯૫૦૪૭૦ થી ભરપાઈ કરેલ છે. તેમજ લોડ વધારા માટેનું એગ્રીમેન્ટ પણ કરેલ છે.

૨.૬ ત્યારબાદ, તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ સદર લોડ વધારા માટેનું લાઈનકામ લાઈન કોન્ટ્રાકટરને સોંપવામાં આવેલ.

૨.૭ તે દરમિયાન ગ્રાહક દ્વારા તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ લોડ વધારા માટે ભરેલ અંદાજપત્રની રકમ પરત આપવા અરજી કરેલ છે. પરંતુ, પેટા વિભાગીય કચેરી દ્વારા શરતચૂક થી ગ્રાહકને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજ ૨ મહિનાની નોટીસ પાઠવેલ હતી. જે કંપનીના નિયમોનુસાર ૨ મહિના પૂર્ણ થતાં, E-Urja સીસ્ટમમાં તા. ૨૩/૦૨/૨૦૨૩ ના રોજ ગ્રાહક નં–૬૦૨૦૪૧૫૪૩૯૧ માં લોડ ૧.૫ કિ.વો. થી વધીને ૩૦ કિ.વો. થઈ ગયેલ છે.

૨.૮ વધુમાં, સદર લોડ વધારા માટે સ્થળ ઉપર ફકત પોલ જ કાર્ટ કરેલ છે. કોઈપણ લાઈનકામ કરવામાં આવેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી બારૈયા ભાવેશભાઈ શિવાભાઈ, ગામ–અકવાડા, તા.ભાવનગર દ્વારા લોડ વધારા ફર્મ કવોટેશન ની ભરેલ રકમ પરત ન મળતા, ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીના અનુસંધાને ફોરમ દ્વારા તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં વાદી હાજર રહી રજૂઆત કરેલ. જયારે, પ્રતિવાદી હાજર રહેલ નહી અને મુદત માંગવામાં આવેલ.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

૩.૩ આજરોજ તા ૨૧/૦૬/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં માત્ર પ્રતિવાદી ને બોલાવવામાં આવેલ. તેઓ દ્વારા લેખિત તેમજ મૌખિક રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૪ પ્રસ્તુત કેસના વાદી દ્વારા તેમના કોમર્શિયલ વિજ જોડાણ નં–૬૦૨૦૪/૪૧૫૪૩/૧ કે જે ૧.૫ કિ.વો. નું હતું તેમાં ૨૮.૫ કિ.વો. નો લોડ વધારો માંગતી અરજી પ્રતિવાદી ની પેટા વિભાગીય કચેરીમાં તા.૦૨/૦૮/૨૦૨૨ થી કરવામાં આવેલ. જે બાબતનું પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ ફર્મ કવોટેશન રૂા.૭૯,૭૯૦/– નું તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ ભરી એગ્રીમેન્ટ કરેલ.

૩.૫ વાદીના જણાવ્યા પ્રમાણે પ્રતિવાદી દ્વારા આશરે ૩ માસ બાદ પણ લોડ વધારાની કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા તથા લોડ વધારાની જરૂરીયાત ન રહેતી હોઈ, તા.૨૩/૧૨/૨૦૨૨ ની અરજીથી લોડ વધારાની અરજી કેન્સલ કરી ભરેલ ફર્મ કવોટેશન ની રકમ પરત માંગેલ.

૩.૬ પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરીએ ફર્મ કવોટેશનની રકમ પરત કરવાને બદલે તા.૨૩/૧૨/૨૦૨૨ થી ૨ મહિના ની નોટીસ પાઠવી સમય પૂર્ણ થતાં, ગ્રાહકના ખાતામાં તા.૨૩/૦૨/૨૦૨૩ થી લોડ વધારો ૧.૫ કિ.વો. માંથી ૩૦ કિ.વો. કરેલ છે.

૩.૭ ઉપરોકત બાબતોને ઘ્યાને લેતાં, ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે, આ કેસમાં પ્રતિવાદીની કચેરીએ વાદીની લોડ વધારાની અરજી તેમજ રીફંડ માટેની અરજી બંને પર સમયસર કાર્યવાહી કરી નથી. જેને લીધે વાદીએ લોડ વધારો કેન્સલ કર્યાની અરજી બાદ લોડ વધારો કરી ફર્મ કવોટેશન નું રીફંડ આપેલ નથી. આમ, પ્રતિવાદી ની બેદરકારી સ્પષ્ટ જણાઈ આવે છે.

૩.૮ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીએ લોડ વધારાની અરજી કેન્સલ કરેલ હોઈ, વાદીના ખાતા માં ઉધારેલ લોડ વધારાની રકમ + ચાર્જ + વિલંબીત ચૂકવણી ચાર્જ (જો વસુલેલ હોય તો) તુરંત જમા આપવા તેમજ વાદીએ ભરેલ ફર્મ કવોટેશન ની રકમ પરત કરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ००૧ સમક્ષ અપીલ કરી શકે છે.
- 

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

( ગેરહાજર )
(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અઘ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

તારીખ :– ૨૧/૦૬/૨૦૨૩